## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, મુંગા પક્ષી પણ દાણા માટે શું કરે છે જોઈ લીધું ને...? અમે તો માણસ છીએ...

# જિલ્લામાંથી ૪૫૬૪ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી

## વર્ગ -૧ અને ૨ ના અધિકારીઓએ પરીક્ષા સ્થળ પર રાઉન્ડ લીધા : વરસાદી વિઘ્ન વચ્ચે પરીક્ષાર્થીઓ રેઈનકોટ , છત્રી અને માસ્ક સાથે પરીક્ષા સ્થળે પહોંચ્યા : ગુજકેટના પેપરો સ્ટાન્ડર્ડ





ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી જિલ્લામાંથી ૪૫૬૪ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે પરીક્ષા દરમિયાન કોવિડને અનુલક્ષી પુરતી તકેદારીના પગલા પણ લેવાયા હતા. વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓએ પરીક્ષા દરમિયાન સ્થળ પર સતત રાઉન્ડ લગાવ્યા હતા. જિલ્લામાં કુલ ૨૭ બિલ્ડીંગોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ગુજકેટની પરીક્ષામાં પ્રશ્નપત્રો મધ્યમ કક્ષાના રહ્યા હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને અનુલક્ષી આજે ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી. ગુજકેટની પરીક્ષામાં ફીઝીકસ , કેમેસ્ટ્રી અને ગણિત એમ ત્રણેય વિષયના પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓ માટે સ્ટાન્ડર્ડ પુરવાર થયા હતા. પ્રશ્નપત્રો એકંદરે મધ્યમ કક્ષાના હતા. સવારે અને બપોરે પરીક્ષા સ્થળ પર આવતા વિદ્યાર્થીઓ માટે વરસાદ પણ વિલન બન્યો હતો. ઝરમર વરસતા વરસાદ વચ્ચે પરીક્ષાર્થીઓ રેઈનકોટ અને છત્રીના સહારે પરીક્ષા સ્થળ પર પહોંચ્યા હતા. પરીક્ષા સ્થળો બહાર પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. કોરોનાની મહામારીનો અનુલક્ષી વિદ્યાર્થીઓને હાથ સેનેટાઈઝ કરી ગનથી ટેમ્પરેચરની તપાસ કરીને બિલ્ડીંગમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પરીક્ષા સ્થળો પર વિદ્યાર્થીઓ માસ્ક પહેરીને જ આવ્યા હતા જયારે વાલીઓ પણ માસ્ક સાથે જોવા મળ્યા હતા. પરીક્ષા કેન્દ્રોની બહાર વાલીઓ કે વિદ્યાર્થીઓની ભીડ ન જામે તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી હતી જિલ્લામાંથી ૪૫૬૪ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી. જયારે આ માટે જિલ્લાના ૨૭ બિલ્ડીંગોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જિલ્લા કલેકટરે પરીક્ષામાં અધિકારીઓને પણ ફરજ સોંપી હતી. વર્ગ -૧ અને ૨ ના અધિકારીઓ પણ પરીક્ષા દરમિયાન સતત રાઉન્ડ લેતા નજરે પડયા હતા. જિલ્લા શિક્ષણાધિકારી વાઢેરે પણ પરીક્ષા દરમિયાન કોવિડને અનુલક્ષી પુરતી તકેદારી રાખવામાં આવે તે અંગે સતત રાઉન્ડ લઈને નિરિક્ષણ કર્યુ હતુ. ગુજકેટની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

## ખૂણેખાંચરેથી

- ઉત્તર ગુજરાતમાં થયેલ ભારે વરસાદને પગલે આજે સંતસરોવરમાં પાણીની આવક નોંધપાત્ર થઈ હતી અને એક જ દિવસમાં આ ડેમ ભરાઈ જવાની ઐતિહાસિક ઘટના આજે બની છે.
- ઘણા લાંબા સમય બાદ આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે જાહેર આરોગ્યની સંકલન સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે મળશે.
- રાજયના આરોગ્ય વિભાગમાં આજે ડી.પી.સી.ની બે અલગ અલગ બેઠકો મળી હતી.
- ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતાં વાહકજન્ય રોગના કેસો થવાનો ભય ઉભો થયો છે.
- ગાંધીનગર જિલ્લામાં ૨૬મી ઓગષ્ટ સુધી વરસાદી માહોલ છવાયેલો રહેશે તેમ હવામાન પૂર્વાનુમાન અને કૃષિવિષયક બુલેટીનના અંક નં. ૪૧ માં જણાવાયુ છે. જો કે આમ તો આ બુલેટીનમાં ૧લી સપ્ટેમ્બર સુધી છુટા છવાયા વરસાદી ઝાપટા થશે તેમ જણાવાયુ છે.
- આજે સચિવાલય સંકુલમાં પંચાયત વિભાગના ઉપસચિવનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

# પંચાયતમાં ખાસ તુમાર નિકાલ ઝુંબેશ કરી પડતર પ્રશ્નો ઉકેલવા ડી.ડી.ઓ.ની સૂચના

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તુમારોના નિકાલ માટે ખાસ ઝુંબેશ હાથ ધરી નિકાલ કરવામાં આવે તેવો આગ્રહ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને કર્યો હતો.

પંચાયતના શાખાધિકારીઓની બેઠકમાં તેમણે તકેદારી આયોગના પ્રકરણો જે પડતર છે તેના પર પણ વિશેષ ધ્યાન આપવા ઉપરાંત નાગરિક અધિકાર પત્ર અંતર્ગત મળેલ અરજીઓ તેમજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળની અરજીઓનો સમયસર નિકાલ થાય તે માટે પણ તાકીદ કરી હતી.

પંચાયતોની વિવિધ શાખાઓ વચ્ચે સુયોગ્ય સંકલન જળવાય અને પેન્શન સહિતના પ્રશ્નો અને ફાઈલોનો નિકાલ પણ ઝડપી બને તે જોવા તેમણે જણાવ્યુ હતુ. ઓડિટ પેરાના નિકાલની કામગીરી પણ વેગીલી બનાવવામાં આવે તે માટે આગ્રહ કરી તંત્ર વધુ પ્રજાભિમુખ બને તે આવશ્યક હોવાનું સુશ્રી દુહાને જણાવ્યુ હતુ. કિસાન સહાય યોજના જે નવી અમલમાં આવી રહી છે તે માટે તંત્ર પણ ખેડૂતોમાં જાગૃતિ અભિયાન કરે જેથી વધુ ને વધુ ખેડૂતોને તેનો લાભ પ્રાપ્ત થાય તેવો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો.





ઉત્તર ગુજરાતમાં સતત નભમાંથી વરસી રહેલા વરસાદને કારણે નદીઓ ફરી બે કાંઠે વહેતી થઈ જવા પામી છે. ગાંધીનગરમાંથી પસાર થતી સાબરમતી નદીમાં પણ ઉપરવાસમાંથી છોડાયેલા પાણીને કારણે નવા નીરની આવક થતાં તેના વિશાળ પટમાં વિસ્તરીને વહેતી થઈ જવા પામી છે. સમગ્ર વર્ષ દરમિયાન સુક્કી ભઠ્ઠ સાબરમતીને જોઈ નિઃસાસા નાંખતા નગરજનો નવા નીરને જાણે વધાવવા પહોંચી ગયા હતા અને પુલ પર સાઈડમાં પોતાના વાહન પાર્ક કરીને આ નિખરેલી નદીના નયનરમ્ય નજારાને નયનોમાં ભરી રોમાંચિત થઈ રહ્યા છે.

# ચિલોડા જીવદયા પ્રેમી ક્ષત્રિય યુવાનોએ વીજ કરંટથી મૃત્યુ નીપજેલા કપિરાજને વિધિવત દફન કર્યુ

ચિલોડા, તા. ૨૪

પાટનગર નજીક જિલ્લાના પ્રવેશદ્વાર સમાચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે આવેલ વિહતમાતાના મંદિર પાસેની વીજ ટ્રાન્સમીટર (ડી.પી.)થી કપિરાજને અચાનક વીજ કરંટ લાગતા સ્થળ પર મૃત્યુ નીપજયું હતું. ત્યારે આ વિસ્તારમાં રહેતા ક્ષત્રિય ઠાકોર સેનાના જીવદયા પ્રેમી યુવાનોએ સ્થળ પર પહોંચી મૃત કપિરાજને બહુચરમાતાજીના મંદિર પાસેની ખુલ્લી જગ્યામાં ખાડો ખોદીને અબીલ-ગુલાલ, ફુલહાર દ્વારા વિધિવત રીત દફનવિધિ કરી દફનાવ્યું હતું. અને ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાન અને એસ.એમ.સી.ના અધ્યક્ષ તખતસિંહ ઠાકોર સહિત અન્ય યુવાનોએ જીવદયા પ્રવૃત્તિના દર્શન કરાવ્યા હતા. આ ઉપરાંત આ વીજ ડીપી દ્વારા અનેકવાર કપિરાજના ટોળાની અવરજવર રહેતી હોવાથી વીજ કરંટ લાગવાના કિસ્સા બન્યા હોવાનું જાણવા મળે છે.



# છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૨૫૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ

## રાજ્યમાં સરેરાશ ૧૦૨.૭૩ ટકા વરસાદ : સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૮૮.૦૪ ટકા અને સૌથી ઓછો પૂર્વ મધ્ય ઝોનમાં ૭૯ ટકા જેટલો સરેરાશ વરસાદ

ગાંધીનગર, તા. ૨૪

રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતી માહિતી મુજબ આજે તા. ૨૪મી ઓગસ્ટ-૨૦૨૦ની સવારે ૬ કલાકની સ્થિતિએ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૩૩ જિલ્લાના ૨૫૧ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેમાં ૭ તાલુકાઓ એવા છે કે જ્યાં આઠ ઈંચથી સાડા તેર સુધીનો વરસાદ વરસ્યો છે. સૌથી વધુ જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં ૩૩૮ મીમી એટલે કે સાડા તેર ઈંચ અને મહેસાણાના કડી તાલુકામાં ૩૨૮ મીમી એટલે કે તેર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તે ઉપરાંત ટંકારામાં ૨૭૦ મીમી, ઉમરપાડામાં ૨૫૬ મીમી, મોરબીમાં ૨૪૯ મીમી, બેચરાજીમાં ૨૨૪ મીમી અને સરસ્વતી તાલુકામાં ૨૦૯ મીમી એટલે કે આઠ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

રાજયના ૧૫ તાલુકાઓમાં ૬ થી ૮ ઈંચ, ૩૦ તાલુકાઓમાં ૪ થી ૬ ઈંચ, ૧૪૬ તાલુકાઓમાં ૧ થી ૪ ઈંચ જયારે ૫૩ તાલુકાઓમાં એક ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હોવાનું સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જણાવવામાં આવ્યું છે. જેમાં અંજાર, જોટાણા, મુળી, વાંકાનેર, મહેસાણા, ભચાઉ, થાનગઢ, રાધનપુર, લખતર, સુરત શહેર, વઢવાણ, હળવદ, હારિજ, પાટણ અને ગીર-ગઢડા મળી કુલ ૧૫ તાલુકાઓમાં ૬ થી ૮ ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે સિદ્ધપુર, વિસાવદર, વિજયનગર, રાપર, ઉંઝા, કામરેજ, માળિયા-મિયાંણા, ધ્રોલ, ડેડિયાપાડા, મેઘરજ, માણસા, વિરમગામ, વડગામ, લોધિકા, ભાભર, માળિયા(જૂનાગઢ), રાજકોટ, સાયલા, કોડિનાર, ગાંધીધામ, માંડવી (સુરત), માણાવદર, વિજાપુર, ધ્રાંગધ્રા, તલાલા, ઉના, કલોલ, વાલિયા, વિરપુર અને નેત્રંગ મળી કુલ ૩૦ તાલુકાઓમાં ૪ થી ૬ ઈંચ વરસાદ નોંધાયો છે. તે ઉપરાંત ૧૪૬ તાલુકાઓમાં ૧ થી ૪ ઈંચ જયારે ૫૩ તાલુકાઓમાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં ચાલુ મોસમનો સરેરાશ ૧૦૨.૭૩ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૮૮.૦૨ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૩૪.૮૧ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૯૦.૨૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૮૭.૪૪ ટકા અને પૂર્વ મધ્ય ઝોનમાં ૭૮.૯૮ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં થયેલ વરસાદને કારણે રાજ્યના સરદાર સરોવર સહિત ૨૦૬ જળાશયો ભરાયા છે. સરદાર સરોવર ડેમમા હાલ ૨,૧૯,૨૭૫ એમસીએફટી પાણીના સંગ્રહ સાથે કુલ સંગ્રહ શક્તિના ૬૫.૬૪ ટકા જેટલો થયો છે. રાજ્યના ૭૬ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાયા છે. તે ઉપરાંત ૭૮ જળાશયો એવા છે કે જે ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા છે. સરદાર સરોવર સહિત ૨૦ જળાશયો એવા છે કે જેમાં ૫૦ થી ૭૦ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ૧૬ જળાશયો જયારે ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ હોય એવા ૧૫ જળાશયો ભરાયા હોવાની માહિતી જળ સંપત્તિ તરફથી આપવામાં આવી છે. રાજ્યમાં થઈ રહેલાં વરસાદને પરિણામે ૩૧૪ માર્ગો અસરગ્રસ્ત થયા છે. જેમાં પંચાયત હસ્તકના ૨૮૬ માર્ગોનો સમાવેશ થાય છે. આ માર્ગો સત્વરે પૂર્વવત થાય એ માટે વહીવટીતંત્ર દ્વારા સક્રીય પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.



કોરોના મહામારીના કારણે અનલોક-૩ લાગુ પડી ગયુ છે પરંતુ હજુ પણ જાહેર બાગ-બગીચાઓને જાહેર જનતા માટે ખુલ્લાં કરવામાં આવ્યાં નથી જેથી નાગરિકો એક સ્થળે એકઠાં થાય અને સંક્રમણનું જોખમ વધે. જો કે આ સાથે જાહેર બાગ-બગીચાના નિભાવની કાર્યવાહી યથાવત ચાલુ રાખવામાં આવી છે અને જાહેર જનતાની અવરજવર ના હોવાથી આ કાર્યમાં કર્મચારીઓ લાલિયાવાડી ના ચલાવે તે પણ જરૂરી છે. ગાંધીનગરના જુના અને જાણીતા પરંતુ નવેસરથી રિનોવેટ કરાયેલા સરિતાઉદ્યાનમાં કામગીરીની સમીક્ષા કરવા ફિલ્ડ ઓફિસરે ઓચિંતી મુલાકાત લીધી હતી. આ સરપ્રાઈઝ વિઝિટના કારણે ઉદ્યાનના કર્મચારીઓ દોડતા થઈ ગયા હતા.

# માણસા પાલિકાના પ્રમુખપદે કૈલાસબેન પટેલની વરણી

ગાંધીનગર, તા. ૨૪

આજ રોજ માણસા નગરપાલિકાની બીજી ટર્મના પ્રમુખશ્રી તથા ઉપપ્રમુખશ્રીના હોદ્દા સારૂ પાલીકાના જનરલ બોર્ડની મીટીંગ મળી હતી.



જેમાં પ્રમુખ માટે સામાન્ય સ્ત્રી અનામત બેઠક હતી. જેમાં પ્રમુખ તરીકે કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ તેમજ ઉપપ્રમુખ માટે બાબુજી ચંદુજી ઠાકોરનો વિજય થયેલ છે. સામાન્ય સભામાં તેર તેર વોટ પ્રમુખશ્રી અને ઉપપ્રમુખશ્રીને દસ દસ વોટ મળેલ આમ કોંગ્રેસની કારમી હાર થયેલ છે. ભારતીય જનતા પાર્ટી તરફથી આઈ.બી. વાઘેલા જિલ્લા મહામંત્રી મેન્ડેટ લઈને ગયા હતા તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

# ટીંટોડા પાસે લોડીંગ રીક્ષામાંથી ૭૨ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા ટીંટોડા ગામ પાસે લોડીંગ રીક્ષામાંથી ૭૨ બોટલ વિદેશી દારુ પેથાપુર પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે દારુ, ૩ મોબાઈલ અને રીક્ષા મળીને કુલ રૂ. ૨,૩૯,૬૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ટીંટોડા તરફથી અમરપુરા જતા માર્ગ પરથી જી.જે.૧૮.એ.વાય.-૯૫૭૨ નંબરની લોડીંગ રીક્ષા પકડી પાડી હતી.જેમાં પાછળના ભાગે લીલા ઘાસની નીચેથી વિદેશી દારુની ૭૨ બોટલ મળી આવી હતી. રીક્ષામાં બેઠેલા શખ્સો અંગે પુછતાછ કરતા દહેગામના રણજીપુરાના ભુપત પ્રહલાદજી ઠાકોર, ગાંધીનગર ઉવારસદનો પભા પ્રહલાદજી ઠાકોર, ટીંટોડાનો વિષ્ણુ ઉર્ફે ટીના જવતાજી ઠાકોર તેમજ મહેસાણાના કડીનો ભરત શંકરજી ઠાકોર હોવાનું ધ્યાને આવ્યું હતું. તેઓ પાસેથી પોલીસે રૂ.૨૮,૮૦૦ ની કીંમતનો દારૂ, ૧૦,૫૦૦ ની કિંમતના ૩ ફોન અને બે લાખની રીક્ષા મળી રૂ. ૨,૩૯,૬૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચારેય શખ્સો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





કોરોના મહામારી વચ્ચે તથા સરકારશ્રી ના માર્ગદર્શન અનુસાર વવોલ ખાતે આવેલ સિદ્ધાર્થ સ્ટેટ્સ ઈ ૩૦૧ શ્રીમતી હાર્દીકા મયંક ભાઈ ભટ્ટ ના ઘરે સોશ્યલ ડિસ્ટન્સ સાથે ગણપતી મહોત્સવ યોજવા માં આવ્યો .


**ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી., ગાંધીનગર**

જાહેરાત ક્રમાંક : ૦૧- સને : ૨૦૨૦-૨૦૨૧

કાર્યપાલક ઈજનેર (સી), યુનીટ-૨ (સુજલામ-સુફલામ) બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેકટર નં. ૮, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨૩૬૭૧૨) દ્વારા ગુ.જ.સં.વિ.નિ. લીમીટેડ, ગાંધીનગર ખાતે હિસાબી કામગીરી માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવાઓની આવશ્યકતા હોઈ એક દિવસના રૂ. ૨૫૦૦/-ની મર્યાદામાં વાર્ષિક ધોરણે વદુમાં વધુ ૨૫૦ દિવસો માટે ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લીમીટેડ, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમિયાન હાજર રહી કામગીરી કરવાની (સેવાઓ આપવાની) રહેશે. જે માટે નીચે દર્શાવેલ લાયકાતોને ધ્યાનમાં રાખી અરજીઓ કરવાની રહેશે.

(૧) વાર્ષિક ધોરણે અંદાજે ૨૫૦ દિવસની મર્યાદામાં સેવાઓ આપવાની રહેશે.

(૨) સી.એ. તરીકે ઓછામાં ઓછો ૫ (પાંચ) વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

(૩) સરકારી કચેરી / બોર્ડ / નિગમની કામગીરીનો ઓછામાં ઓછો ૨ (બે) વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

રસ ધરાવતા સી.એસ. ઉમેદવારો પોતાની અરજી સીલબંધ કવરમાં સૌથી ઉપર 'ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવાઓ માટેની અરજી' લખીને કાર્યપાલક ઈજનેરશ્રી, યુનીટ-૨ (સુજલામ-સુફલામ) બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બીલ્ડીંગ, સેક્ટર નં. ૮, ગાંધીનગર ખાતેથી નિયત કરેલ કોરા અરજીપત્રકો મેળવી અતવા નિગમની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in પરથી મેળવી તા. ૩/૯/૨૦૨૦ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી, યુનીટ-૨ (સુજલામ-સુફલામ), ગાંધીનગરને આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / રૂબરૂમાં મોકલવાની રહેશે. વધુ વિગતો નિગમની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in મારફતે જોઈ શકાશે.

માહિતી/૭૧૫/૨૦-૨૧



**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય પરિસર" ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, એસ. જી. હાઈવે, છારોડી, અમદાવાદ - 382 481

E-mail : info@baou.edu.in ; Website : www.baou.edu.in

ટોલ ફ્રી નંબર : 1800 233 1020

BAOU Education for All

**પ્રવેશ જાહેરાત**

**જુલાઈ-2020 સત્ર માટેના ઓનલાઈન પ્રવેશ શરૂ**

**બાહ્ય/એક્સટર્નલ તથા વિદ્યાવાંછુ માટે શિક્ષણની અમૂલ્ય તક**

**સ્ટુડન્ટ લર્નર સપોર્ટ સેન્ટર અંતર્ગત નવા પ્રકલ્પો**

★ શહીદ વીરવધૂ તથા તેમના સંતાનો માટે વિનામૂલ્યે શિક્ષણ
★ જેલના કેદીઓ માટે વિનામૂલ્યે શિક્ષણ
★ ટ્રાન્સજેન્ડર (શિષ્યવૃત્તિની વ્યવસ્થા)
★ દિવ્યાંગ (સુલભ શિક્ષણ વ્યવસ્થા)

અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થી ક્રેડિટ ટ્રાન્સફર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં SY/TY-UG/PG માં પ્રવેશ મેળવી શકશે.

UGC પરિપત્ર અનુસાર રેગ્યુલર સાથે ડિસ્ટન્સ લર્નિંગથી વિદ્યાર્થી એકસાથે બે ડિગ્રી મેળવી શકે તેવી વ્યવસ્થા

**સ્નાતક અભ્યાસક્રમ**

★ બૅચલર ઑફ આર્ટ્સ (B.A.)
● ગુજરાતી ● હિન્દી ● સંસ્કૃત ● અંગ્રેજી ● ઈતિહાસ ● અર્થશાસ્ત્ર ● રાજ્યશાસ્ત્ર ● સમાજશાસ્ત્ર ● જાહેર વહીવટ (પબ્લિક એડમિનિસ્ટ્રેશન)
★ બૅચલર ઑફ કોમર્સ (B.Com.)
★ બૅચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (BLIS)

**અનુસ્નાતક અભ્યાસક્રમ**

★ માસ્ટર ઑફ આર્ટ્સ: (M.A.)
● ગુજરાતી ● અંગ્રેજી ● હિન્દી ● સમાજશાસ્ત્ર
★ માસ્ટર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (MLIS)

સરકારી નોકરી મેળવવા માટે તથા સરકારી અધિકારીઓ/કર્મચારીઓ માટે બઢતી તથા ઉચ્ચતર પગારધોરણ માટે સરકાર માન્ય અભ્યાસક્રમ

★Certificate in Computer Concepts (CCC-BAOU)
(છ માસનો કમ્પ્યૂટર પ્રમાણપત્ર અભ્યાસક્રમ)

સરકારી કર્મચારીઓ માટે બઢતી તથા ઉચ્ચતર પગારધોરણ માટેના સરકાર માન્ય અભ્યાસક્રમ

★ CCC (વર્ગ-3 કર્મચારીઓ માટે)
★ CCC+ (વર્ગ-1 અને વર્ગ-2 કર્મચારીઓ માટે)

**વિવિધ ડિપ્લોમા તથા સર્ટિફિકેટ અભ્યાસક્રમો**

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ડિસ્ટન્સ એજ્યુકેશન (PGDDE)

યુ.જી.સી. માન્ય Ph.D. અભ્યાસક્રમ
વિષય તેમજ ખાલી જગ્યા સંબંધિત વિગતો માટે વેબસાઈટ જોવી

**નવા શરૂ થયેલ અભ્યાસક્રમો**

- Post Graduate Diploma in Mobile Application Development (PGDMAD)
- Post Graduate Diploma in Cyber Security (PGDCS)
- Post Graduate Diploma in Cyber Law (PGDCL)
- Diploma in Multimedia and Animation (DMA)
- Diploma in Journalism and Mass Communication (DJMC)
- Diploma in Fashion Designing (DFD)
- Certificate in Sound, Audio and Video Technology (CSAVT)
- Certificate in Journalism and Mass Communication (CJMC)
- Certificate in Fashion Designing (CFD)

**Vocational & Professional Courses**

DIPLOMA PROGRAMME
- Diploma in Business Administration (DBA)
- Diploma in Computer Application (DCA)

POST GRADUATE DIPLOMA PROGRAMME
- Post Graduate Diploma in Business Administration (PGDBA)
- Post Graduate Diploma in Finance (PGDF)
- Post Graduate Diploma in Marketing (PGDM)
- Post Graduate Diploma in Human Resource (PGDHR)
- Post Graduate Diploma in Computer Application (PGDCA)

BACHELOR PROGRAMME
- Bachelor of Computer Application
- Bachelor of Computer Application (Multimedia)
- Bachelor of Business Administration
- Bachelor of Business Administration (Air Travel Management)

MASTER PROGRAMME
- Master of Social Work (MSW)

Contact Details for Regular Courses : Ph.+91 79 29796223 / +91 2717 297170 | Email : admission.info@baou.edu.in
Contact Details for Vocational & Professional Courses : Mo. 99784 08584, 90999 94484 | Email : kmro@baou.edu.in

યુનિવર્સિટી વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન માટે E-Pin મેળવ્યા બાદ વિવિધ અભ્યાસક્રમો માટે ફોર્મ ભરી શકશે.
E-Pin રજીસ્ટ્રેશન ફી રેગ્યુલર કોર્સ : રૂા.100/- | વૉકેશનલ એન્ડ પ્રોફેશનલ કોર્સ : રૂા.300/-
પ્રવેશાર્થી જાતે અથવા યુનિવર્સિટી / અભ્યાસકેન્દ્રો ખાતે ઓનલાઈન પ્રવેશફોર્મ ભરી શકશે.
(જે માટે અલગથી કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી)

પ્રવેશ સંબંધિત અન્ય સૂચના અને માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર ઉપલબ્ધ છે.

તા.21/08/2020 ક્રમાંક/સમાનિ/અમદ/૫૧૪/૨૦૨૦ કા. કુલસચિવ